# આપનું સપ્તાહ કેવું જશે?

તા.૧૦/૦૮/૨૦૨૬ થી તા.૧૬/૦૮/૨૦૨૬ સુધી

લેખક: જ્યોતિષાચાર્ય હંસરાજ મો. નં.: 9825726442
E-mail : bharatjyotish03@yahoo.co.in

**મેષ (અ,લ,ઈ):-** કાર્યક્ષેત્રમાં આત્મવિશ્વાસ વધે તેવાં કામ પાર પડશે. સ્વતંત્ર, નીડર નિર્ણય કુશળતાનો અનુભવ કરાવશે. વીક પરિવારનાં કામ અને સમસ્યાના સમાધાન માટે અનુકૂળ રહેશે. આર્થિક પ્રગતિ થાય. વારસા અને મિલકતને લગતાં કામ થાય. પ્રેમ પ્રકરણમાં ધીરજ રાખવી. નવા રોકાણમાં માર્ગદર્શન લેવું. વિદેશમાં વિદ્યાભ્યાસની યોજના પાર પડે. વિજાતિય આવેગ પર કાબૂ રાખવો. ખર્ચા વધશે.

**વૃષભ (બ,વ,ઉ):-** વીક દરમિયાન વડીલોની સલાહ પારિવારિક પ્રશ્નો માટે ઉપયોગી રહેશે. આર્થિક બાબતે ચોક્કસ બનશો. સામાજિક સંબંધોમાં આત્મીયતા વધશે. વાણી અને વ્યવહાર કુશળતાથી સફળતા મળે. શિક્ષણ, દલાલી, ટેકનોલોજી, પ્રવાસ, ટ્યુશન વગેરેને લગતા કામમાં પ્રગતિથી ઉત્સાહ વધશે. સંપત્તિના સોદા માટે યોગ્ય યોજના બને. વડીલો, મિત્રો-પરિવારનો સાથ મળે. પ્રેમમાં આત્મવિશ્વાસ વધશે. નવાં રોકાણથી લાભ થાય.

**મિથુન (ક,છ,ઘ):-** તમારી મહેનત અને સકારાત્મક વિચાર નવા અવસર પેદા થાય. આત્મવિશ્વાસ વધશે. પારિવારિક પ્રશ્નો સતાવે. આર્થિક બાબતે ચોક્કસ રહેવું. સંતાનોના અભ્યાસ અને કેરીયરની ચિંતા સતાવે. કૌટુંબિક ધંધામાં પ્રગતિ થાય. વાદ-વિવાદ ટાળવો. ભાઈ-બહેનો સાથે ગેરસમજ થઈ શકે છે. મિલકત બાબતે પ્રગતિ થાય. નવા નોકરી ધંધાની તક મળે. આવક વધારવાની યોજનામાં મદદ મળે.

**કર્ક (ડ,હ):-** સપ્તાહ પરિવારની જવાબદારી વધારનાર રહેશે. બહારનાં કામ વધશે. કિંમતી વસ્તુનું ધ્યાન રાખવું. અચાનક નોકરી-ધંધાર્થે પ્રવાસ થાય. મિલન-મુલાકાત થાય. આરોગ્યનું ધ્યાન રાખવું. બિનજરૂરી ખર્ચા વધે. કોઈ નામી કંપનીમાં નોકરીની ઓફર આવી શકે છે. વાણી પર કાબૂ રાખવો. અડોશ-પડોશના વ્યવહારમાં સાવધાની રાખવી. મિત્રો સાથે મનોરંજન થાય. વિજાતિય મિત્રોનો સાથ મળે. આવક વધે.

**સિંહ (મ,ટ):-** સપ્તાહ અટકેલાં કામને પૂર્ણ કરવામાં મદદરૂપ રહેશે. લોકોના સંપર્ક વધે. સામાજિક કામથી માન વધે. શુભ કાર્યમાં ખર્ચા વધશે. ધાર્મિક પ્રવાસ થાય. વિદેશથી શુભ સમાચાર મળે. અંગત જીવનમાં રસિક ઘટના ઘટે. નોકરી ધંધા અર્થે પ્રવાસમાં સાવધાની રાખવી. નવી જવાબદારી વધશે. આગ, પાણી, અકસ્માતથી બચવું. ખાણી-પીણી મોજ-શોખના ધંધામાં લાભ થાય.

**કન્યા (પ,ઠ,ણ):-** ચાલુ વીક પ્રેમજીવનમાં મિલન-મુલાકાત અને રોમેન્ટીક રહેશે. નવાં મિત્રોથી સાવધાન. અભ્યાસ બાબતે નવું શીખવા મળશે. સંતાનોનાં કામ થાય. જીવનસાથી-મિત્રો સાથે સામાજિક કાર્યથી મનને શાંતિ મળે. ભાઈ-બહેનો માટે મદદરૂપ બનશો. નવાં રોકાણથી લાભ થાય. પ્રવાસમાં કોઈની વાતોમાં આવવું નહીં. ધાર્મિક યાત્રા અને સમાજસેવાથી શાંતિ મળશે. અચાનક શુભ સમાચાર મળે.

**તુલા (ર,ત):-** ચાલુ વીકમાં કાયદા, કાનૂન અને ઉચ્ચ શિક્ષણ તથા વિદેશ બાબતે અનુકૂળતાવાળું રહેશે. બૌદ્ધિક અને મોભાદાર લોકોની મુલાકાત થાય. ધંધામાં આવક વધે તેમજ નવા ધંધા-વેપારની યોજનામાં મદદ મળે. નોકરીમાં નવી તક મળે. ઉપરી વર્ગનો સાથ મળે. આવક વધશે. મોજ-શોખ અને સ્ત્રી વર્ગને ઉપયોગી ચીજવસ્તુના વેપારમાં લાભ થાય. વિદ્યાર્થીઓને સફળતા મળે. ધર્મ-કર્મ થાય.

**વૃશ્ચિક(ન,ય):-** ચાલુ સપ્તાહ અચાનક ઘટનાને ઉજાગર કરનાર છે. તે હકારાત્મક કે નકારાત્મક હોઈ શકે. આગ, પાણી, અકસ્માત અને કોર્ટ-કચેરી-પોલીસ બાબતે સાવધાની રાખવી. ઉપરાંત ઉચ્ચ કક્ષાનાં લોકોની મુલાકાતથી નવી તક મળે. અચાનક ભાગ્યના સાથનો અનુભવ થાય. ધાર્મિક સાહિત્ય, યાત્રા, સત્સંગ વગેરેના કામમાં પ્રગતિ થાય. નોકરીમાં નવી તક ઊભી થાય. મોજશોખના ધંધામાં પ્રવાસ.

**ધન (ભ,ધ,ફ,ઢ):-** સપ્તાહ દાંપત્ય અને પારિવારિક જીવનમાં અસંતોષ અને ગરબડ પેદા કરનાર છે. વાદ-વિવાદથી સાવધાન રહેવું. કોર્ટ-કચેરીમાં ધીરજ રાખવી. સરકારી કામ અને યોજના બાબતે કોઈની વાતોમાં આવવું નહીં. અચાનક સફળતાના ચાન્સ પણ છે. અટકેલા કામમાં ગતિ આવે. હિતશત્રુઓથી સાવધાન રહેવું. આરોગ્યનું ધ્યાન રાખવું. ઈચ્છિત મુલાકાત થાય. સ્ત્રી વર્ગનો સાથ મળે.

**મકર (ખ,જ):-** સપ્તાહ શત્રુઓ અને હરીફોથી હેરાનગતિનું સૂચન કરે છે તથા આરોગ્ય બાબતે પરેશાની વધારનાર બને છે. પારિવારિક જીવનમાં ઉત્સાહજનક વાતાવરણ રહે. ભાગીદારીમાં નવી તક મળે. કોર્ટ-કચેરી તથા સામાજિક સમસ્યા બાબતે અશાંતિ વધશે. વિવાહલાયકને યોગ્ય પાત્ર મળે. પ્રેમવિવાહની શક્યતા વધશે. સરકારી યોજનાનો લાભ મળે. અચાનક અશાંતિજનક સમાચાર મળે. ખર્ચા વધશે.

**કુંભ (ગ,સ,શ,ષ):-** ચાલુ વીકમાં વિદ્યાર્થીઓને મુશ્કેલીનો સામનો કરવાનું બનશે. અચાનક અશાંતિજનક સમાચાર મળે. પ્રેમમાં ગેરસમજ થાય. નોકરીમાં જવાબદારી વધે. સહકર્મીઓ સાથે ઘર્ષણથી અશાંતિ વધે. ઉપરી વર્ગનો સાથ મળે. નોકરીમાં પ્રગતિ થાય. ઉધાર લેવા-દેવાનું ટાળવું. સરકારી કામમાં મદદ મળે. ભાગીદારીમાં તાલમેળ ઓછી રહે. દાંપત્યજીવનમાં ગરબડ વધે. રોમેન્ટીક મુલાકાત થાય. આવક વધે.

**મીન (દ,ચ,ઝ,થ):-** સપ્તાહ મિલકતના સોદા અને જમીન, મકાન, ઓફિસ વગેરેની ખરીદી માટે અનુકૂળ રહેશે. બહારના કામની દોડધામ વધે. સંતાનોના કામમાં મિત્રોનો સાથ મળે. પ્રેમ વિવાહનો પ્રસ્તાવ આવે.
શેર બજારમાં લાભ થાય. પરીક્ષામાં સફળતા મળે. આરોગ્ય નરમ રહે. હરીફોથી નુકસાન થઈ શકે છે. વિશ્વાસઘાતથી બચવું. પ્રેમ અને મિત્રો બાબતે ગેરસમજથી, વિવાદ થાય. આવક વધશે.

## કર્ક રાશિમાં સૂર્યગ્રહણ દેશની હાલત ખરાબ થવાનાં સંકેત આપે છે

સૂર્યગ્રહણ એક ખગોળિય ઘટના છે. જ્યારે ચંદ્ર સૂર્ય અને પૃથ્વીની વચ્ચે આવે છે ત્યારે આ કુદરતી અને વૈજ્ઞાનિક ઘટના ઘટે છે. જ્યોતિષ અને ધાર્મિક માન્યતા પ્રમાણે તેનો પ્રભાવ માનવજીવન,આરોગ્ય અને રાશિઓ પર પડે છે. ગ્રહણ જે રાશિ અને નક્ષત્રમાં થાય છે તેનો પ્રભાવ દેશ-દુનિયા અને તમામ બાર રાશિ પર અલગ અલગ પડે છે.

ધાર્મિક માન્યતા પ્રમાણે ગર્ભવતી મહિલાઓએ ગ્રહણ દરમિયાન વિશેષ સાવધાની રાખવાની હોય છે અને મોટા ભાગે ઘરમાં જ રહેવું જોઈએ. ગ્રહણ દરમિયાન વાતાવરણમાં નકારાત્મક ઊર્જા વધુ અથવા વધે છે માટે આ સમય દરમિયાન રાંધેલો ખોરાક ખાવો જોઈએ નહીં અને ધારદાર કે અણીવાળી વસ્તુનો ઉપયોગ કરવાની મનાઈ છે અને ભગવાન, પોતાના ઈષ્ટ દેવના જપ, ધ્યાન અને ગ્રહણ પછી સ્નાન પછી દાન કરવાનો મહિમા છે. પરંતુ તા. 12-08-2026 બુધવાર ભારતીય સમય પ્રમાણે રાત્રે 21:04 કલાકે આરંભ થતું અને 25:27 કલાકે પૂર્ણ થતું ખગ્રાસ **સૂર્યગ્રહણના કોઈ જ નિયમોનું પાલન કરવાનું રહેશે નહીં. કારણ કે તે ભારતમાં દેખાવાનું નથી.**

આ ગ્રહણ આર્કટિક, ગ્રીનલેન્ડ, આઈલેન્ડ, સ્પેન, ઉત્તર અમેરિકા,પશ્ચિમ આફ્રિકા, યુરોપમાં દેખાશે. શાસ્ત્રના નિયમ પ્રમાણે જ્યાં દેખાય ત્યાં તેનો પ્રભાવ વધુ પડે છે. કુલ ચાર કલાક અને તેવીસ મિનિટના આ સૂર્યગ્રહણની અસર ખાસ રાજકીય રીતે અશુભ માનવામાં આવે છે. સૂર્યગ્રહણ જે રાશિમાં થતું હોય તે રાશિના પ્રદેશ, શાસક, પક્ષ માટે ખતરનાક સાબિત થાય છે અને કોઈ પણ દેશના મુખ્ય શાસક કે રાજા રાષ્ટ્રપતિ, વડા પ્રધાન, સેનાનાયક, ગૃહપ્રધાન અને જે શાસકકર્તાની હદમાં આવતા પ્રદેશો પર તેની નકારાત્મક અસર જોવા મળે છે.

આપણા સ્વતંત્ર ભારતની વૃષભ-લગ્નની કુંડલી કર્ક રાશિની છે અને ત્યારે સૂર્ય કર્ક રાશિ અને આશ્લેષા નક્ષત્રમાં અને ચંદ્ર પણ કર્ક રાશિ અને પુષ્ય નક્ષત્રમાં હતા તથા અમાવસનો દિવસ જોગાનુજોગ તા. 12-08-2026નું સૂર્યગ્રહણ લગભગ સમાન અવસ્થામાં થાય છે માટે આપણા ભારત **દેશની હાલત ખરાબ થવાના સંકેત છે.** કારણકે ખગ્રાસ સૂર્યગ્રહણની અસર રાષ્ટ્ર અને રાષ્ટ્રના શાસક પર અશુભ થાય છે. શાસક અને જનતા પર તેની અશુભ અસરના કારણે વિદ્રોહ થવાની સંભાવનાને બળ મળશે. **જો કે આપણા દેશમાં દેખાવાનું નથી છતાં ભૂમંડળને અસર કરતું હોવાથી દેશમાં આંતર ગૃહયુધ્ધની સ્થિતિને બળ મળશે.** દેશના ત્રીજા ભાવમાં આ ગ્રહણ થાય છે. ત્રીજો ભાવ દેશનાં શિક્ષણ, પ્રધાનમંડલ, કોમ્યુનિકેશન, પડોશી દેશ, ઉદ્યોગગૃહો, વાહન વ્યવહાર, સમાચાર માધ્યમ વગેરેમાં નવાં પરિવર્તન આવશે. વર્તમાન સરકારમાં મોટા ફેરફાર કરવા જ પડશે. કારણકે પંદર દિવસ પછી બીજું ખંડગ્રાસ ચંદ્રગ્રહણ કુંભ રાશિ સ્વતંત્ર ભારતના દસમા સત્તાસ્થાનમાં થવા જઈ રહ્યું છે. જે સત્તામાં ફેરફાર અને પરિવર્તનના યોગ કરે છે.

વડા પ્રધાન **શ્રી મોદીજીની કુંડલીમાં સૂર્યગ્રહણ ભાગ્યમાં અને આવનાર ચંદ્રગ્રહણ ચોથા સ્થાનમાં થાય છે તે તેમના કાર્યકાળમાં ઘટાડો સૂચવે છે.** ભાગ્ય અને સુખસ્થાન પ્રભાવિત થાય છે. માટે તેમની ઊંઘ હરામ થશે. આ સ્થાન ન્યાય, ધર્મ અને શિક્ષણ વગેરે સાથે સંકળાયેલ છે. ઉપરાંત તેમની રાજયોગ કરતા છિદ્ર અવસ્થાની મંગળની મહાદશા શુભ નથી. તેઓ પૂરાં પાંચ વર્ષ સત્તામાં ટકી શકશે નહીં. વર્તમાન આંદોલન રાજકીય ક્રાંતિનું સૂચન કરે છે.

અમિત શાહની કુંડલીમાં લાભસ્થાનમાં સૂર્યગ્રહણ જે કાનૂની- બાબતો, લોકસભા, રાજ્યસભા, તેમજ સંધીથી જોડાયેલ મિત્રો કે મિત્ર પક્ષ વગેરેને પ્રભાવિત કરે છે. ઉપરાંત આ સ્થાન આઝાદી પર્વનું પણ છે. અમિત શાહ દેશમાં નવી આઝાદીનું કારણ બની શકે છે. મિત્ર પક્ષો સાથ છોડશે. આવનાર ચંદ્ર ગ્રહણ છઠ્ઠા ભાવમાં તેમના આરોગ્ય અને સરકારી સેવાને પ્રભાવિત કરે છે. લશ્કર અને પોલીસને પ્રભાવિત કરતું આ સ્થાન અમિત શાહની સત્તા છીનવી શકે છે. તેમના રાહુ પરથી પસાર થતો ગોચરનો મંગળ પણ સત્તાભ્રષ્ટના યોગ કરે છે. તેમનો મંગળ આશ્લેષા નક્ષત્રમાં છે અને આ સૂર્યગ્રહણ પણ આશ્લેષામાં થાય છે. માટે અમિત શાહ માટે સમય બિલકુલ પ્રતિકૂળ ચાલે છે.

**દેશનાં ત્રીજા ભાવમાં થતું સૂર્યગ્રહણ અને ત્યાર બાદ પંદર દિવસ પછી નું ખંડગ્રાસ ચંદ્રગ્રહણ સત્તામાં પરિવર્તનનાં યોગ કરે છે**

# કચ્છના રણમાં 100થી વધુ માનવ કંકાલ મળતાં રહસ્ય ઘેરાયું

**ભારત**-પાકિસ્તાન સરહદ નજીક પ્રાચીન વસાહતના અવશેષો મળ્યા

**માથા** ઉત્તર અને પગ દક્ષિણ દિશામાં રાખીને દફનવિધિના પુરાવા

**કાર્બન** ડેટિંગ અને ડીએનએ તપાસથી રહસ્ય ઉકેલાશે

ગાંધીનગર : કચ્છના મોટા રણના પશ્ચિમ વિસ્તારમાં ભારત-પાકિસ્તાન સરહદ નજીક આવેલી એક પ્રાચીન વસાહતમાંથી 100થી વધુ માનવ કંકાલ મળી આવતાં પુરાતત્ત્વવિદોમાં ભારે કુતૂહલ સર્જાયું છે. બીએસએફના જવાનોને પેટ્રોલિંગ દરમિયાન માળખાકીય અવશેષો દેખાયા બાદ સામે આવેલા આ સ્થળને સંશોધકોએ કામચલાઉ ધોરણે 'બરબાદપુર' અથવા 'બરબાદગામ' નામ આપ્યું છે. કચ્છ યુનિવર્સિટીના જીઓસાયન્સ અને પુરાતત્વ વિભાગની ટીમે ઓક્સફર્ડ યુનિવર્સિટીના સહયોગથી કરેલા વૈજ્ઞાનિક સર્વેક્ષણ દરમિયાન માનવ કંકાલો મળી આવ્યા હતાં.

સૌથી રસપ્રદ બાબત એ છે કે અહીંથી મળેલા 100થી વધુ કંકાલો વ્યવસ્થિત રીતે અને એકસરખી દિશામાં દફનાવવામાં આવ્યા હોવાનું સામે આવ્યું છે. કંકાલોના માથા ઉત્તર તરફ, પગ દક્ષિણ તરફ અને મોઢું પશ્ચિમ દિશા તરફ રાખવામાં આવ્યું હોવાનું પ્રાથમિક સર્વેક્ષણમાં જાણવા મળ્યું છે. એક જ સ્થળે આટલી મોટી સંખ્યામાં માનવ અવશેષો અને એકસરખી દફનવિધિ મળી આવતાં આ પ્રાચીન વસાહતના સામાજિક અને ધાર્મિક જીવન અંગે નવા પ્રશ્નો ઊભા થયા છે.

પ્રાથમિક અંદાજ મુજબ આ સ્થળ આશરે 1,000થી 1,500 વર્ષ જૂનું અને મધ્યકાલીન યુગ સાથે સંકળાયેલું હોઈ શકે છે. નિષ્ણાતોના અનુમાન પ્રમાણે પ્રાચીન સમયમાં અહીંથી સિંધુ નદીનો પ્રવાહ પસાર થતો હતો અને આ વિસ્તાર એક સમૃદ્ધ નગર તરીકે વિકસ્યો હોઈ શકે છે. સમય જતાં નદીના વહેણમાં ફેરફાર થતાં વસાહત ઉજ્જડ બની હોવાનું અનુમાન છે. જોકે આ બાબતોની હજુ વૈજ્ઞાનિક રીતે પુષ્ટિ થવાની બાકી છે.

હવે મળી આવેલા કંકાલોના ચોક્કસ સમયગાળા, તેમની ઓળખ અને આટલી મોટી સંખ્યામાં દફનવિધિ પાછળના કારણો જાણવા માટે કાર્બન ડેટિંગ અને ડીએનએ વિશ્લેષણ સહિતની વૈજ્ઞાનિક તપાસ કરવામાં આવશે. આ તપાસના પરિણામો બાદ 'બરબાદપુર' તરીકે ઓળખાતા આ સ્થળના ઈતિહાસ અને અહીં દફનાવવામાં આવેલા લોકોના રહસ્ય પરથી પડદો ઊઠવાની શક્યતા છે.

### બરબાદપુર તરીકે ઓળખાતા સ્થળેથી આ વસ્તુઓ મળી

- માનવ કંકાલ
- પ્રાચીન માટીનાં વાસણો
- તેલના દીવા
- ટેરાકોટાનાં રમકડાં
- તાંબાના સિક્કા
- જૂની વસાહતનું બાંધકામ

# કચ્છના રાપર પાસે 3.3ની તીવ્રતાનો ભૂકંપ નોંધાયો

**બપોરે** 1:34 વાગ્યે આંચકો અનુભવાયો

**એપીસેન્ટર** રાપરથી 15 કિમી દૂર પશ્ચિમ-દક્ષિણ પશ્ચિમમાં 15 કિમી ઊંડાઈએ

ગાંધીનગર : કચ્છમાં આજે ફરી ધરતી ધ્રૂજી ઊઠતાં રાપર અને આસપાસના વિસ્તારોમાં થોડા સમય માટે ફફડાટ ફેલાયો હતો. બપોરે 1:34 વાગ્યે રાપર પંથકમાં 3.3ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. ગાંધીનગર સ્થિત ઈન્સ્ટિટ્યૂટ ઓફ સિસ્મોલોજીકલ રિસર્ચના વૈજ્ઞાનિકોના જણાવ્યા મુજબ ભૂકંપનું કેન્દ્રબિંદુ રાપરથી આશરે 15 કિલોમીટર દૂર પશ્ચિમ-દક્ષિણ પશ્ચિમ દિશામાં અને જમીનથી 15 કિલોમીટર ઊંડાઈએ નોંધાયું હતું. જોકે, આંચકાની તીવ્રતા ઓછી હોવાથી સદનસીબે અત્યાર સુધી કોઈ જાનમાલના નુકસાનના અહેવાલ મળ્યા નથી. પ્રાપ્ત વિગતો મુજબ ભૂકંપનું ભૌગોલિક સ્થાન 23.563 ઉત્તર અક્ષાંશ અને 70.490 પૂર્વ રેખાંશ નોંધાયું છે. આંચકો અનુભવાતા રાપર અને આસપાસના કેટલાક વિસ્તારોમાં લોકોમાં થોડા સમય માટે ચિંતા અને કૌતુકનો માહોલ જોવા મળ્યો હતો. ભૂકંપ બાદ સ્થાનિક તંત્ર દ્વારા પરિસ્થિતિ પર નજર રાખવામાં આવી રહી છે. હાલ મકાનો કે અન્ય મિલકતોને નુકસાન થયું હોવાની કોઈ માહિતી સામે આવી નથી. કચ્છમાં ભૂકંપના આંચકા અવારનવાર અનુભવાતા હોવાથી તાજેતરના આંચકાએ સ્થાનિકોમાં ફરીથી ચિંતા જગાવી છે.

# ગાંધીનગરમાં સગીરા પર દુષ્કર્મ બાદ મોત, પ્રેમીની ધરપકડ

**અતિશય** રક્તસ્ત્રાવ બાદ કિડની-આંતરડાંમાં ગંભીર ચેપ ફેલાયો

**ત્રણ** દિવસની સારવાર બાદ દમ તોડ્યોગાંધીનગર

ગાંધીનગર : કલોલ તાલુકાની 17 વર્ષીય સગીરાનું દુષ્કર્મની ઘટના બાદ ગંભીર ઈજાઓના કારણે સારવાર દરમિયાન મોત થતાં સમગ્ર પંથકમાં ચકચાર મચી છે. સગીરા સાથે દુષ્કર્મની ઘટના બાદ થયેલા અતિશય રક્તસ્ત્રાવના પગલે તેની તબિયત ગંભીર બની હતી અને બાદમાં કિડની તથા આંતરડાંમાં ચેપ ફેલાતાં મલ્ટી ઓર્ગન ફેલ્યોરની સ્થિતિ સર્જાઈ હતી. ત્રણ દિવસ સુધી અલગ-અલગ હોસ્પિટલમાં સારવાર બાદ સગીરાએ અંતે દમ તોડ્યો હતો. પોલીસે આ મામલે પેથાપુરના 22 વર્ષીય દિશાંત ઉર્ફે દીપ શર્માની ધરપકડ કરી તેની સામે પોક્સો સહિતની કલમો હેઠળ ગુનો નોંધ્યો છે.

પ્રાપ્ત વિગતો મુજબ, 6 ઓગસ્ટે સવારે સગીરા પોતાની બહેનપણી સાથે કોલેજ જવા ઘરેથી નીકળી હતી. બપોરે પરિવાર સાથે ફોન પર વાત થયા બાદ તે ઘરે પરત ન ફરતાં પરિવારજનોએ તેની શોધખોળ શરૂ કરી હતી. દરમિયાન સગીરા આરોપી સાથે ગેસ્ટ હાઉસમાં પહોંચી હોવાનું પોલીસની પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે. ત્યાં બનેલી ઘટનામાં સગીરાને ગંભીર ઈજા થતાં ભારે રક્તસ્ત્રાવ શરૂ થયો હતો.

બાદમાં આરોપી તેને સારવાર માટે રાંધેજા રોડ પર આવેલી હોસ્પિટલમાં લઈ ગયો હતો. સ્થિતિ ગંભીર જણાતાં તેને અન્ય હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. ત્યારબાદ સગીરાને પગરવ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. પરિવારજનોના આક્ષેપ મુજબ, આટલી ગંભીર ઘટના હોવા છતાં શરૂઆતની બે હોસ્પિટલ દ્વારા પોલીસને જાણ કરવામાં આવી નહોતી. બીજા દિવસે પરિવારને સમગ્ર ઘટનાની જાણ થતાં તેઓ હોસ્પિટલ પહોંચ્યા હતા અને ત્યારબાદ પોલીસને જાણ કરવામાં આવી હતી.

સગીરાની સ્થિતિ વધુ ગંભીર બનતાં તેને વધુ સારવાર માટે અદ્યતન હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. અતિશય રક્તસ્ત્રાવ બાદ શરીરના આંતરિક અંગોમાં ચેપ ફેલાતાં તેને વેન્ટિલેટર પર રાખવામાં આવી હતી. જોકે સારવાર દરમિયાન મલ્ટી ઓર્ગન ફેલ્યોર થતાં તેનું મોત થયું હતું. ઘટનાની ગંભીરતાને પગલે ફોરેન્સિક ટીમની હાજરીમાં પેનલ દ્વારા પોસ્ટમોર્ટમ કરાવવામાં આવ્યું છે.

### પરિવારનો ધમકી અને સમાધાનનો આક્ષેપ

મૃતક સગીરાના પરિવારજનોએ આરોપીના પરિવાર સામે ગંભીર આક્ષેપો કર્યા છે. પરિવારના જણાવ્યા મુજબ, ઘટનાના બીજા દિવસે આરોપીના પિતા કેટલાક લોકો સાથે તેમના ઘરે આવ્યા હતા અને સગીરા તથા આરોપી વચ્ચે પ્રેમસંબંધ હોવાની વાત કરી હતી. પરિવારનો એવો પણ આક્ષેપ છે કે તેમને કેસ નહીં કરવા માટે સમાધાનની ઓફર કરવામાં આવી હતી તેમજ ધમકી આપવામાં આવી હતી. જોકે, આ આક્ષેપોની પોલીસ તપાસમાં સત્યતા ચકાસવામાં આવી રહી છે.

### પોલીસે ગેસ્ટ હાઉસમાંથી ઘટના બની હોવાનું જણાવ્યું

પેથાપુર પોલીસના જણાવ્યા મુજબ, પ્રાથમિક તપાસમાં સગીરા સાથે દુષ્કર્મની ઘટના સેક્ટર-16 વિસ્તારમાં આવેલા એક ગેસ્ટ હાઉસમાં બની હોવાનું સામે આવ્યું છે. આરોપીની ધરપકડ કરી લેવામાં આવી છે અને સમગ્ર ઘટનાની વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. સગીરા સગીર વયની હોવાથી પોલીસે પોક્સો અધિનિયમ હેઠળ કાર્યવાહી કરી છે.

# 'રતવાની દવા'ના નામે બાળકો માટે બિનઅધિકૃત દવાનું વેચાણ ઝડપાયું

**કપડવંજના** ધોળીકૂઈમાં દવાખાનામાં દરોડો

**લાલ** પ્રવાહી ભરેલી 160 બોટલ મળી

**1,000** ખાલી બોટલ અને વિટામિન-બી કોમ્પ્લેક્સના 92 કન્ટેનર પણ કબજે

ગાંધીનગર : નાના બાળકો માટેની 'રતવાની દવા'ના નામે બિનઅધિકૃત રીતે દવાનું ઉત્પાદન, રીપેકિંગ અને વેચાણ કરતા નેટવર્કનો નડિયાદ ઔષધ નિયંત્રણ વિભાગે પર્દાફાશ કર્યો છે. ધોળીકૂઈ ખાતે આવેલા 'ડોક્ટર સોની, બાવીશી વાળાનું દવાખાનું' પર કરવામાં આવેલા દરોડામાં લેબલ વગરની લાલ રંગની પ્રવાહી ભરેલી 160 બોટલ, આશરે 1,000 ખાલી બોટલ, 'રતવાની દવા'ના લેબલ તેમજ વિટામિન-બી કોમ્પ્લેક્સના 92 ભરેલા કન્ટેનર સહિત કુલ રૂ. 66,400નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.

નડિયાદ વિભાગના ઔષધ નિરીક્ષકો દ્વારા 7 ઓગસ્ટે ચોક્કસ બાતમીના આધારે આ કાર્યવાહી કરવામાં આવી હતી. તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે દવાખાનાના સંચાલક ડો. સોની અમદાવાદની પેઢી પાસેથી 4.5 લીટરના જથ્થામાં વિટામિન-બી કોમ્પ્લેક્સ પ્રવાહી ખરીદતા હતા. ત્યારબાદ આ પ્રવાહીને દવાખાનામાં જ 100 મિલીલીટરની બોટલોમાં ભરી પોતાના લેબલ લગાવી 'રતવાની દવા' તરીકે બોટલદીઠ રૂ. 80ના ભાવે દર્દીઓને વેચવામાં આવતી હતી.

તપાસ દરમિયાન આ પ્રવાહી દવાના ઉત્પાદન માટે જરૂરી ઉત્પાદન પરવાનો કે ઉત્પાદનની મંજૂરી ઉપલબ્ધ ન હોવાનું સામે આવ્યું છે. દવાના ઉત્પાદન અને વેચાણને લગતા બેચ રેકોર્ડ, જથ્થા નોંધપોથી તથા વેચાણના બિલ કે રોકડ રસીદો પણ જાળવવામાં આવતા નહોતા. વધુમાં, બોટલો પર દવાનું નામ, સરનામું, ઘટકો, બેચ નંબર, ઉત્પાદન તારીખ, મુદત પૂરી થવાની તારીખ અને પરવાના નંબર જેવી ફરજિયાત વિગતો પણ દર્શાવવામાં આવી નહોતી.

ઔષધ નિયંત્રણ વિભાગે શંકાસ્પદ દવાના નમૂના લઈને પ્રયોગશાળામાં પૃથક્કરણ માટે મોકલ્યા છે. પ્રયોગશાળાના અહેવાલ અને તપાસના આધારે દવા અને સૌંદર્ય પ્રસાધન અધિનિયમ, 1940 તથા સંબંધિત નિયમો હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

દરમિયાન, નિષ્ણાત બાળરોગ તબીબની સલાહ વિના છ મહિનાથી નાના બાળકને માતાના દૂધ સિવાય અન્ય કોઈ ખોરાક, દવા કે પ્રવાહી આપવાનું ટાળવા તંત્રે અપીલ કરી છે. બાળકોને કોઈપણ દવા માત્ર પ્રમાણિત અને નોંધાયેલા તબીબની સલાહ મુજબ જ આપવાની અપીલ પણ કરવામાં આવી છે.

# ચાંદીપુરાના 217 શંકાસ્પદ કેસ, 39 પોઝિટિવ, 23નાં મોત

**અસરગ્રસ્ત** વિસ્તારોમાં ઘરે-ઘરે સર્વે અને સેન્ડફ્લાય નિયંત્રણની કામગીરી તેજ

ગાંધીનગર : ગુજરાતમાં ચાંદીપુરા વાયરસે ફરી ચિંતા વધારી છે. રાજ્યમાં 30 જૂનથી 8 ઓગસ્ટ દરમિયાન ચાંદીપુરાના 217 શંકાસ્પદ કેસ નોંધાયા છે, જેમાંથી 39 કેસ પોઝિટિવ હોવાનું સામે આવ્યું છે. ચાંદીપુરા વાયરસથી અત્યાર સુધીમાં 23 દર્દીઓનાં મોત થયાં છે. 217 શંકાસ્પદ કેસોમાંથી 208 દર્દીઓના નમૂનાના પ્રયોગશાળા પરીક્ષણના પરિણામો જાહેર થઈ ચૂક્યા છે, જ્યારે 9 શંકાસ્પદ દર્દીઓના રિપોર્ટ હજુ આવવાના બાકી છે. મૃત્યુઆંક અને પોઝિટિવ કેસોની સંખ્યાને પગલે આરોગ્ય તંત્ર એલર્ટ બન્યું છે.

30 જૂનથી 8 ઓગસ્ટ સુધીના આંકડા પ્રમાણે રાજ્યમાં નોંધાયેલા 217 શંકાસ્પદ કેસોમાંથી 39 દર્દીઓમાં ચાંદીપુરા વાયરસની પુષ્ટિ થઈ છે. બાકીના પરીક્ષણ થયેલા નમૂનાઓમાં ચેપની પુષ્ટિ થઈ નથી. હજુ નવ નમૂનાના પરિણામો બાકી હોવાથી આગામી દિવસોમાં સ્થિતિમાં ફેરફાર થવાની શક્યતા છે.

ચાંદીપુરા વાયરસની ગંભીરતાને ધ્યાનમાં રાખીને આરોગ્ય વિભાગ દ્વારા અસરગ્રસ્ત વિસ્તારોમાં રોગચાળો નિયંત્રણની કામગીરી વધુ સઘન કરવામાં આવી છે. માટીનાં ઘરોમાં કીટનાશક દવાનો છંટકાવ, રોગ ફેલાવતા રેતીના માખીના નિયંત્રણ માટેની ઝુંબેશ તેમજ ઘરે-ઘરે સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. ખાસ કરીને બાળકોમાં તાવ, ઊલટી, આંચકી અથવા મગજના સોજા જેવા લક્ષણો જોવા મળે તો વિલંબ કર્યા વિના નજીકના આરોગ્ય કેન્દ્ર અથવા હોસ્પિટલમાં સારવાર લેવા તંત્ર દ્વારા અપીલ કરવામાં આવી છે. બાળકોમાં ઝડપી ગંભીરતા વધવાનું જોખમ - ચાંદીપુરા વાયરસ મુખ્યત્વે બાળકોને અસર કરતો ગંભીર રોગ હોવાથી વાલીઓમાં ચિંતા વધી છે. આરોગ્ય તંત્ર દ્વારા શંકાસ્પદ કેસોની વહેલી ઓળખ, તાત્કાલિક સારવાર અને રોગ ફેલાવતાં જીવાતોના નિયંત્રણ પર ભાર મૂકવામાં આવી રહ્યો છે.

## અનુસંધાન ... પાના પહેલાનું

### ટ્રમ્પની ગાઝા યોજના...

વધુ સમય પછી આ ટિપ્પણી આવી છે. ઈઝરાયલે યોજનાના મુખ્ય ભાગોને નકારી કાઢ્યા છે અને હમાસે તેના અમલીકરણ માટે શરતો મૂકી છે, તેથી બંને પક્ષો યુએસ સમર્થિત રોડમેપ કેવી રીતે આગળ વધવો તે અંગે ઘણા દૂર છે.

ગયા અઠવાડિયે વોશિંગ્ટનમાં નેતન્યાહૂનું સ્વાગત કર્યા પછી ટ્રમ્પે કહ્યું હતું કે ઈઝરાયલે અમને મદદ કરી, અને તેઓ ખૂબ સારા રહ્યા છે સાથે જ તેમણે દાવો કર્યો હતો કે ઈઝરાયલ કરારથી 'ખૂબ ખુશ' છે. આ તરફ ઈઝરાયલી રાજકીય સૂત્રએ જણાવ્યું હતું કે વોશિંગ્ટનમાં નેતન્યાહૂની ટ્રમ્પ સાથેની મુલાકાત દરમિયાન ગાઝા પર ચર્ચા થઈ ન હતી, જેનાથી આ યોજનાના અમલીકરણ પર બંને નેતાઓ ખરેખર કેટલા નજીકથી જોડાયેલા છે તે અંગે પ્રશ્નો ઉભા થાય છે.

### ઝારખંડ પેપર લીક...

દાવો કર્યો હતો કે તેઓએ જેએસએસસી-સીજીએલ પરીક્ષાની કથિત ગેરરીતિઓની સીબીઆઈ તપાસ સિવાયની તેમની 98 ટકા માંગણીઓ સ્વીકારી લીધી છે.

સરકારી સમિતિ સાથે છઠ્ઠા રાઉન્ડની વાતચીત પછી વિદ્યાર્થી નેતા રવિન્દ્ર પાસવાને જણાવ્યું હતું કે, 14મી જેપીએસસી પરીક્ષા રદ કરવાની માંગ સહિત અમારી મોટાભાગની માંગણીઓ સ્વીકારી લેવામાં આવી છે. પરંતુ જ્યાં સુધી સીબીઆઈ તપાસની અમારી માંગ પૂરી ન થાય ત્યાં સુધી અમે કોઈ બાંધછોડ કરીશું નહીં. અમે 10 ઓગસ્ટે ઝારખંડ વિધાનસભા તરફ કૂચ કરવાનો અમારો પ્રસ્તાવિત વિરોધ ચાલુ રાખીશું.

ટેકનિકલ અને ઉચ્ચ શિક્ષણ મંત્રી તેમજ સમિતિના સભ્ય સુદિવ્યા કુમારે જણાવ્યું હતું કે સરકારે 98 ટકા માંગણીઓ સ્વીકારી લીધી છે, પરંતુ તે JSSC-CGL પરીક્ષાની સીબીઆઈ તપાસની માંગ સ્વીકારવાની સ્થિતિમાં નથી, કારણ કે આ પરીક્ષા હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટની દેખરેખ હેઠળ લેવામાં આવી હતી. કુમારે જણાવ્યું હતું કે, "અમે વિદ્યાર્થીઓ સાથે સકારાત્મક વાતચીત કરી છે; ઝારખંડ સરકાર ઝારખંડ જાહેર સેવા આયોગ(JPSC)ની પરીક્ષામાં નાણાકીય ગેરરીતિઓની ઈડી (ED) તપાસની ભલામણ કરશે. હવે આંદોલન પાછું ખેંચવું કે નહીં તેનો અંતિમ નિર્ણય વિદ્યાર્થીઓ લેશે.

### આંદોલનકારીઓને...

કરી રહ્યા હોવાનો આક્ષેપ કરતા તેમણે કહ્યું કે વિદ્યાર્થીઓના આ આંદોલનનું રાજકીયકરણ ન થવું જોઈએ અને રાજકીય મહત્વકાંક્ષાઓ ધરાવતા લોકોને યુવાનોને ગેરમાર્ગે ન દોરવાની ચેતવણી આપી હતી. સોરેને જણાવ્યું હતું કે યુવાનોની ચિંતા એ તેમની પણ ચિંતા છે, અને પરીક્ષાની ગેરરીતિઓમાં સામેલ લોકો સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. તેમણે કહ્યું કે, રાજ્યની આત્મનિર્ભરતા સ્વીકારવામાં અસમર્થ એવા સ્થાપિત હિતો ઝારખંડમાં લોકશાહીને ખોરવી નાખવા માટે પૂરી તાકાતથી કામ કરી રહ્યા છે. તમામ સમસ્યાઓનો ઉકેલ સંવાદ દ્વારા જ આવી શકે છે, 'લાઠી-દંડા-બંદૂક' થી નહીં.

### મમતાની કાર...

કે, સુરક્ષાની વાત તો છોડો, પોલીસ મવાલી તત્વોને બચાવી રહી છે. બંગાળ મવાલીઓના હાથમાં આવી ગયું છે. અમે આ મામલે કેસ દાખલ કરીશું. બેનર્જીએ એવો પણ આક્ષેપ કર્યો હતો કે તેમના વાહન પર મોટા ઈંટોના ટુકડા પણ ફેંકવામાં આવ્યા હતા. ભાજપના પ્રદેશ અધ્યક્ષ સમિક ભટ્ટાચાર્યએ જણાવ્યું હતું કે પાર્ટી પૂર્વ મુખ્યમંત્રીના વાહન પરના કોઈપણ હુમલાને સમર્થન આપતી નથી અને તેમણે ભાજપના કાર્યકરોની સંડોવણીનો ઈનકાર કર્યો હતો.

### સાઉદી ઓઇલ...

ઈઝરાયેલ ભારપૂર્વક કહી રહ્યું છે કે જ્યાં સુધી હમાસ નિઃશસ્ત્ર ન થાય ત્યાં સુધી તે ગાઝામાંથી પીછેહઠ નહીં કરે.

યમનની આંતરરાષ્ટ્રીય સ્તરે માન્યતા પ્રાપ્ત સરકાર સાથે જોડાયેલા સૈન્ય દળ 'નેશનલ રેઝિસ્ટન્સ ફોર્સિસ'એ જણાવ્યું હતું કે, રવિવારે રાતા સમુદ્ર પરના એક મહત્વપૂર્ણ બંદર મોખા પર હૂથીઓના હુમલામાં ઓછામાં ઓછા સાત લોકો - ચાર સૈનિકો અને ત્રણ નાગરિકો - માર્યા ગયા હતા અને 15 નાગરિકો ઘાયલ થયા હતા. માહિતી મંત્રાલયના આસિસ્ટન્ટ અંડરસેક્રેટરી ફાયેદ અલ-નોમાને જણાવ્યું હતું કે, હૂથીઓએ બંદર પર મિસાઈલો અને ડ્રોન છોડ્યા હતા, જેનાથી તેની ઈમારતો અને પિયર તેમજ ત્યાં રાખવામાં આવેલા વ્યાપારી માલસામાન અને ખાદ્ય પુરવઠાને ભારે નુકસાન થયું હતું.

મોખા એ યમનની આંતરરાષ્ટ્રીય સ્તરે માન્યતા પ્રાપ્ત સરકાર હેઠળના મુખ્ય બંદરોમાંનું એક છે, જેને તાજેતરના વર્ષોમાં હૂથીઓના કબજા હેઠળના હોડેઈડા બંદરને ટાળીને શિપિંગ હેન્ડલ કરવા માટે નવેસરથી તૈયાર કરવામાં આવ્યું હતું. હૂથીઓએ પાછળથી આ હુમલાની જવાબદારી સ્વીકારતા જણાવ્યું હતું કે તેઓએ મોટી સંખ્યામાં બેલિસ્ટિક મિસાઈલો અને ડ્રોન ફાયર કર્યા હતા જેણે વિસ્તારમાં લશ્કરી મજબૂતીકરણ અને વેરહાઉસને નિશાન બનાવ્યા હતા.

### ઈડી ડિરેક્ટર...

છે, જે બાદમાં એક-એક વર્ષના ત્રણ મુદતવધારા આપી શકાય છે. સપ્ટેમ્બર 2023માં નવીનને આ એજન્સીના કાર્યવાહક ડિરેક્ટર બનાવવામાં આવ્યા હતા.

### કોંગ્રેસ અને તેના...

પોતાનું વલણ નરમ પાડવાના સંકેત આપ્યા છે, પરંતુ કોંગ્રેસ અને તેના મોટા ભાગના સહયોગીઓએ આ કાયદાઓ અને એફસીઆરએ સુધારા વિધેયક લાવવાના કોઈપણ પગલાનો વિરોધ કરવાનો સંકલ્પ કર્યો છે.

વર્ષ 2029માં મહિલાઓ માટે 33 ટકા અનામત અને ગૃહનો વિસ્તાર કરવા માટે લોકસભા મતવિસ્તારોની પુનઃરચનાનો પ્રસ્તાવ મૂકતું બંધારણ સુધારા વિધેયક એપ્રિલમાં બે-તૃતિયાંશ બહુમતી મેળવવામાં નિષ્ફળ રહેવાને કારણે પરાજિત થયું હતું.

એઆઈસીસીના જનરલ સેક્રેટરી કે.સી. વેણુગોપાલે રવિવારે જણાવ્યું હતું કે, જો કેન્દ્ર સરકાર એમ વિચારતી હોય કે તેઓ આ બે કે ત્રણ દિવસની અંદર વિદેશી યોગદાન (નિયમન) સુધારા વિધેયક તૈયાર કરીને રજૂ કરી શકે છે તો તેમણે તે ઈચ્છા પોતાની પાસે જ રાખવી જોઈએ. વેણુગોપાલે આક્ષેપ કર્યો હતો કે, પ્રસ્તાવિત કાયદો લઘુમતીઓ અને એનજીઓને નિશાન બનાવે છે અને જણાવ્યું હતું કે, વિપક્ષ તેને પસાર થવા દેશે નહીં.

કેરળના અલાપ્પુઝામાં પત્રકારો સાથે વાત કરતાં વેણુગોપાલે કહ્યું, "જો અમિત શાહ પોતે પણ આ જનવિરોધી વિધેયક પસાર કરાવવા આવે તો પણ સંસદમાં તેમણે ભારે વિરોધનો સામનો કરવો પડશે તેમાં કોઈ શંકા નથી. આ વિધેયક ગેરબંધારણીય અને જનવિરોધી છે. અમે આવા જનવિરોધી અને ગેરબંધારણીય વિધેયકને પસાર થવા નહીં દઈએ."